# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/124 Dt. 07/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલને સમગ્ર મેનમેઇડ ફાઇબર ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનને ૫%ના એકસરખા જીએસટી દર હેઠળ લાવવાની વિનંતિ સાથે રજૂઆત કરી

## શ્રી સી. આર. પાટીલે ચેમ્બરની રજૂઆત કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણ તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જે. પી. નડ્ડા સુધી પહોંચાડવાની ખાત્રી આપી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, ગૃપ ચેરમેન શ્રી સુરેશ પટેલ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઈ અને નાયલોન સ્પીનર્સ એસોસિએશનના આગેવાનો સાથેના પ્રતિનિધિ મંડળે તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત ખાતે ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ સાથે બેઠક યોજી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ રસાયણો જેવા કે પેરા ઝાઇલિન, કેપ્રોલેકટમ, એમઈજી, પીટીએથી લઈને કાપડ સુધીના સમગ્ર મેનમેઇડ ફાઇબર ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનને ૫%ના એકસરખા જીએસટી દર હેઠળ લાવવાની વિનંતિ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, હાલમાં એમએમએફ યાર્ન પરનો દર ૧૨%માંથી ઘટાડીને ૫% કરવામાં આવતા યાર્ન મેન્યુફેકચરિંગ સ્ટેજ પર ઇન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચર વધુ ગંભીર બની છે, જેના કારણે ઇનપુટ ક્રેડિટનો વિશાળ અવરોધ સર્જાશે. આ ઇન્વર્ઝનને કારણે એમએમએફ સ્પીનર્સ તેમના પ્રોજેકટ દરમિયાન મૂડી સામાન પરની ઇનપુટ ક્રેડિટનો ઉપયોગ કરી શકશે નહીં. કારણ કે, આ ક્ષેત્ર આગામી ૩થી ૪ વર્ષમાં રૂપિયા ૨૪,૦૦૦ કરોડ સુધીના રોકાણની અપેક્ષા રાખી રહ્યું છે, મૂડી સામાન પર આ ઇનપુટ ક્રેડિટનો મોટો અવરોધ તેમની સ્પર્ધાત્મકતા ગુમાવશે અને અંતે તેઓ આગળની વેલ્યુ ચેઇનના ઘટકો પર ખર્ચનો ભાર મૂકવા માટે મજબૂર થશે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલને ચેમ્બર તરફથી આ રજૂઆત માનનીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણ તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી જે.પી. નડ્ડા સુધી પહોંચાડવા માટે વિનંતિ કરી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, શ્રી સી. આર. પાટીલે ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆત ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને ઉપરોકત સંબંધિત વિભાગોને તેમજ મંત્રીશ્રીઓને ચેમ્બરની રજૂઆત પહોંચાડવાની ખાત્રી આપી હતી.